દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
મંગળવાર ૬ જાન્યુઆરી, ૨૦૨૬

# વૈશ્વિક અભિપ્રાયની ઐસીતૈસી કરવાની અમેરિકાની જૂની નીતિ રહી છે

અમેરિકાએ શનિવારે લેટિન અમેરિકન દેશ વેનેઝુએલા પર આક્રમણ કરીને તેના પ્રમુખ નિકોલસ માદુરો અને તેમના પત્નીને પકડી લીધા પછી દુનિયાભરમાં ચર્ચા જાગી છે કે આ કૃત્ય યોગ્ય છે કે કેમ? એક સાર્વભૌમ દેશના પ્રમુખને આ રીતે સામાન્ય અપરાધીની જેમ પકડીને લઇ જવાનું કૃત્ય આંતરરાષ્ટ્રીય નિયમોનો ચોખ્ખો ભંગ છે. કેટલાક અપવાદોને બાદ કરતા દુનિયાભરના દેશો અને મહાનુભાવો આ કૃત્યની ટીકા કરી રહ્યા છે પણ માથાભારે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ આ ટીકાઓને ગણકારતા નથી. સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે અમેરિકા અને વેનેઝુએલા વચ્ચે વધતા તણાવ અને તેના પરિણામે તે દેશના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોની ધરપકડ અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે આ ઘટનાક્રમ એક ખતરનાક ઉદાહરણ સ્થાપિત કરે છે. તેમની વાત સાચી છે. ઘણા દેશોએ પણ આવો જ અભિપ્રાય વ્યક્ત કર્યો છે. શનિવારે યુએન વડાના પ્રવક્તા દ્વારા બહાર પાડવામાં આવેલા એક નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે, મહાસચિવ વેનેઝુએલામાં તાજેતરમાં વધેલા તણાવ અને અમેરિકી સૈન્ય કાર્યવાહીથી ખૂબ જ ચિંતિત છે, જેના આ ક્ષેત્ર માટે ચિંતાજનક પરિણામો આવી શકે છે. ગુટેરેસે જણાવ્યું હતું કે વેનેઝુએલાની સ્થિતિ ભલે ગમે તે હોય, પરંતુ આ ઘટનાક્રમ એક જોખમી મિસાલ સ્થાપિત કરે છે અને તેમણે ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી કે આંતરરાષ્ટ્રીય કાયદાના નિયમોનું પાલન કરવામાં આવ્યું નથી.

ચીને રવિવારે યુનાઇટેડ સ્ટેટ્સને વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો અને તેમની પત્નીને તરત જ મુક્ત કરવા અને વાટાઘાટો તથા સંવાદ દ્વારા મુદ્દાઓ ઉકેલવા માટે હાકલ કરી છે. ચીને બે દિવસમાં બીજી વખત ટ્રમ્પના આ કૃત્યને વખોડતું નિવેદન કર્યું છે. ભારતે પહેલા દિવસે મૌન જાળવી રાખ્યા બાદ બીજા દિવસે રવિવારે ખૂબ સાવધાનીભર્યું નિવેદન કરીને વેનેઝુએલાના લોકો માટે ચિંતા વ્યક્ત કરી છે. અમેરિકાના અનેક સાથી દેશોએ પણ અમેરિકાની કાર્યવાહીની ટીકા કરી છે. અનેક આફ્રિકન દેશો અને લેટિન અમેરિકન દેશોએ અમેરિકાની ખુલ્લી ટીકા કરવાની હિંમત કરી છે. કદાચ એકમાત્ર આર્જેન્ટિના જ એવો દેશ છે જેણે અમેરિકાને આ બાબતમાં ખુલ્લો ટેકો આપ્યો છે. અમેરિકાના ખાસ સાથી દેશ યુકેએ ગોળ ગોળ વાત કરી છે. તેણે વેનેઝુએલામાં સત્તાના સુરક્ષિત અને શાંતિપૂર્ણ હસ્તાંતરણ માટે આહવાન કર્યું છે. વડાપ્રધાન કીર સ્ટાર્મરે જણાવ્યું હતું કે બ્રિટન લાંબા સમયથી માદુરોની ગતિવિધિઓનો વિરોધ કરી રહ્યું છે અને તે અમેરિકા દ્વારા કરવામાં આવેલા હુમલાઓની સંપૂર્ણ વિગતોની રાહ જોઈ રહ્યું છે. તેમણે આંતરરાષ્ટ્રીય કાયદા પ્રત્યેના સમર્થનનો પુનરોચ્ચાર કર્યો હતો. જો કે દેશો ગમે તે કહે પણ હાલ તો માદુરોને ધરાર પકડી લેવાયા છે.

દુનિયાના દેશો ભલે ગમે તેટલી ટીકા કરે, પણ ટ્રમ્પ તેને ગણકારે તેવું લાગતું નથી. અમેરિકા ભૂતકાળમાં પણ આવા કૃત્યો કરી ચુક્યું છે. તેણે પનામા અને ઇરાકના પ્રમુખોને પણ આ રીતે પકડ્યા જ હતા, જેમાંથી ઇરાકના સદ્દામ હુસેનને તો ફાંસી પણ આપી હતી. આંતરરાષ્ટ્રીય અભિપ્રાયની સદંતર અવગણના કરીને પોતાની મનમાની કરવી એ અમેરિકાની જૂની નીતિ રહી છે. દુનિયાભરના દેશો એક થઇને સખત પ્રતિબંધો જેવા પગલા ભરીને અમેરિકાને પાઠ ભણાવે તો જ કદાચ અમેરિકા સીધું થઇ શકે છે.

## કુસંગનું પરિણામ

ચાર્જિંગ પોઇન્ટ
હેતા ભૂષણ

એક દિવસ એક ચિત્રકારના મનમાં આવ્યું કે તે એક એકદમ સુંદર નિર્મળ બાળકનું ચિત્ર નિર્માણ કરે... જેના મોઢા પર સૌમ્ય ભાવ હોય, જેની આંખોમાં ભોળપણ હોય, જેના સ્મિતમાં એક આકર્ષણ હોય અને એક મૃદુતાવાળો ચહેરો હોય. ચિત્રકારે બહુ ફરી ફરીને અનાથ આશ્રમમાંથી એક બાળક પસંદ કર્યો. એ બાળક જોતાં વેંત ગમી જાય એવું હતું. તેની આંખોમાં ભોળપણ નીતરતું, તેનો ચહેરો સૌમ્ય હતો, મુખ પર મૃદુતા હતી અને તેનું સ્મિત તો પરાણે વ્હાલું લાગે તેવું હતું.

ચિત્રકારે તેને પોતાની સામે બેસાડ્યો અને કલાકો સુધી તેને નિહાળીને એક બહુ જ સુંદર ચિત્ર તૈયાર કર્યું. આ ચિત્ર આબેહૂબ પેલા બાળક જેવું જ હતું. બધા ભાવોથી સભર...આ ચિત્રનાં ઘણાં વખાણં થયાં. આ ચિત્ર લાખો રૂપિયામાં વેચાયું અને આ ચિત્રની ઘણી પ્રતિકૃતિઓ બની અને ચિત્રકાર તો માલામાલ થઈ ગયો.

તેણે અનાથ બાળકની થોડો સમય કાળજી લીધી. અનાથઆશ્રમમાં તેના માટે પૈસા આપ્યા અને ધીરે ધીરે તે પોતાના જીવનમાં આગળ વધી ગયો. ચિત્ર તેની સાથે હતું પણ પેલો બાળક ક્યાં ખોવાઈ ગયો.

ચિત્રકારની નામના દિવસે દિવસે વધતી ગઈ, વર્ષો વીતી ગયાં. ચિત્રકારના મનમાં ફરી વિચાર આવ્યો કે કોઈક ક્રૂરતા દુષ્ટતાથી ભરેલો, લુચ્ચાઈથી ઉભરતો કોઈ ચહેરો શોધી અને તેનું આબેહુબ ચિત્ર નિર્માણ કરું તો હું સાચો ચિત્રકાર.. તેને માટે ચિત્રકાર કારાવાસમાં ગયો. ખૂંખાર કેદીઓમાંથી કોઈક એવો ચહેરો ગોતવા લાગ્યો, જેના ચહેરા પર દુષ્ટતા, ક્રૂરતા અને લુચ્ચાઈના ભાવ છલકતા હોય.

ચિત્રકારે એક કેદીને પસંદ કર્યો અને કલાકો સુધી તેને નિહાળીને તેનું આબેહુબ ચિત્ર નિર્માણ કર્યું. એ ચિત્રનાં પણ બહુ વખાણ થયાં. ચિત્રકાર થોડા દિવસ પછી તે કેદી પાસે પાછો આવ્યો અને પોતાની જૂની વાતો કરતાં તેણે કહ્યું કે પહેલાં મેં એક બહુ જ સુંદર સૌમ્ય બાળકનું ચિત્ર દોર્યું હતું. તે લાખોમાં વેચાયું હતું ને આજે મેં તમારું ચિત્ર દોર્યું છે. મને લાગે છે કે હવે તે કરોડોમાં વેચાશે. આ સાંભળી કેદી ધ્રૂસકે રડવા લાગ્યો. ચિત્રકારને નવાઈ લાગી કે આ કેમ રડે છે?!

પેલા કેદીએ ચિત્રકારને કહ્યું,'' પેલા બાળકનું ચિત્ર જે તમે દોર્યું હતું હું તે જ બાળક છું!!'' ચિત્રકાર પોતે આ વાક્ય સાંભળીને ડઘાઈ ગયા.કળ વળતાં તેમણે પૂછ્યું, ''અરે તારી આવી દશા?'' કેદી એટલું બોલ્યો, ''આ કુસંગનું પરિણામ છે. મારી દોસ્તી ખરાબ લોકો સાથે થઈ અને જીવન આખું ખરાબ રવાડે ચડી ગયું. હું ચોરી કરતાં શીખ્યો, ખિસ્સાકાતરુ બન્યો, મોટી ચોરી કરતાં કરતાં ખૂની બની ગયો અને અત્યારે આ કેદખાનામાં છું. મારી ઈચ્છા છે કે તમે તમારાં બંને ચિત્રો સાથે મારા જીવનની હકીકત બધાને જણાવો જેથી દુનિયા સમજી શકે કે જીવનમાં સાથી સંગી દોસ્તો બહુ વિચારીને પસંદ કરવા જરૂરી છે.'' ચિત્રકારે આ વિચિત્ર સંયોગ વિષે દુનિયાને જણાવ્યું અને કેદીનો સંદેશ પણ બધાને સમજાવ્યો.

# હાજરી, પરીક્ષા અને ફીનાં નિયમો માત્ર સ્કૂલ માટે જ કેમ? કોલેજોમાં પણ લાગુ કરો

શિક્ષણ-સંસ્કાર
કાર્તિકેય ભટ્ટ

**આજે ગુજરાતની મોટા ભાગની કોલેજોમાં વિદ્યાર્થીઓ એડમિશન લે છે અને પરીક્ષા આપે છે પણ ભણવા તો આવતા જ નથી. સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં સંચાલકો હાજર નહીં રહેવાના પણ રૂપિયા વસુલે છે અને આશ્ચર્ય એ છે કે લોકો આપે પણ છે**

ગુજરાતનાં શિક્ષણ વિભાગે જાહેર કર્યું છે કે જે સ્કૂલમાં વિદ્યાર્થીઓની હાજરી ઓછી હશે તેની ગ્રાન્ટ કપાશે.અને પછી તરત જ જાહેર કર્યું કે સરકારે તમામ સ્કૂલોની ફીનું માળખું ઓનલાઈન મૂક્યું છે એટલે સ્કૂલો હવે તે કરતા વધુ ફી નહિ વસુલી શકે. હાજરી અને ફી બાબતે નિયમો કડક કર્યા તે પહેલા પરીક્ષામાં ચોરી રોકવાના કડક પ્રયત્ન કર્યા હતા .પેપર મૂલ્યાંકનની પણ કડક રીત રસમ નક્કી થઈ છે. શિક્ષકોને માર્ક ગણવામાં ભૂલ હોય તો પણ માર્ક દીઠ 200 રૂપિયા દંડ થાય છે. સ્કૂલ લેવલે હાજરીથી માંડી પરીક્ષા સુધી કડક નિયમો બનાવતી સરકાર કોલેજ કક્ષાએ ચાલતા લોલમ-લોલ તંત્ર માટે સાવ જ ઉપેક્ષા સેવે છે. આપણે આ અગાઉ અનેકવાર લખી ચૂક્યા છીએ કે ઉચ્ચ શિક્ષણમાં વ્યાપક અરાજકતા ચાલે છે. કોલેજોમાં વિદ્યાર્થીઓ લગભગ હાજર જ નથી રહેતા. ગુજરાતમાં ભૂતકાળમાં શિક્ષણ મંત્રી શ્રી નલીન ભટ્ટ દ્વારા ભૂતિયા વિદ્યાર્થી વાળી સ્કૂલો સામે અભિયાન ચલાવાયું હતું અને અનેક સ્કૂલો બંધ થઈ હતી, વ્યવસાયલક્ષી સ્કૂલનો તો ભાંડો ફૂટ્યો હતો. આવું જ અભિયાન ગુજરાતમાં ભૂતિયા વિદ્યાર્થીઓથી ચાલતી સ્કૂલો માટે ચલાવવાની જરૂર છે. આજે ગુજરાતની મોટા ભાગની કોલેજોમાં વિદ્યાર્થીઓ એડમિશન લે છે અને પરીક્ષા આપે છે પણ ભણવા તો આવતા જ નથી. સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં સંચાલકો હાજર નહીં રહેવાના પણ રૂપિયા વસુલે છે અને આશ્ચર્ય એ છે કે લોકો આપે પણ છે. બી.એડ્ અને સાયન્સ કોલેજોમાં તો બિલકુલ ફ્રોડની કક્ષા એ સેલ્ફ ફાઈનાન્સ કોલેજો માત્ર કાગળ ઉપર ચાલે છે અને પરિણામે પરીક્ષામાં વ્યાપક ચોરીઓ થાય છે.આખા આખા પુસ્તકોની માઈક્રો ઝેરોક્ષ સાથે લઈ વિદ્યાર્થીઓ પરીક્ષા આપે છે. અને ફીની તો વાત જ પૂછવા જેવી નથી. હજુ થોડા વર્ષો પહેલા અમદાવાદની એક-બે કોલેજોએ સંસ્કૃતિક પ્રવૃત્તિ માટે વધારાના વીસત્રીસ રૂપિયા ઉઘરાવ્યા હતા, તે પણ કોર્ટકેસ થવાથી કોલેજોએ પાછા આપવા પડ્યા હતા. અને અત્યારે લગભગ હજારેક રૂપિયા જુદાજુદા પ્રકારે કોલેજો ઉઘરાવી લે છે. સેલ્ફ ફાઈનાનસ કોલેજોમાં અધ્યાપકો લાયબ્રેરી, મેદાન સહિતની અત્યંત આવશ્યક વસ્તુઓ હાજર નથી. છતાં આ કોલેજો બેફામ ફી ઉઘરાવે છે. આ બધું ગુજરાતમાં ક્યારે અટકશે તે પ્રશ્ન છે અને ગુજરતમાં કોઈ વિદ્યાર્થી વાલી કે શિક્ષણની ચિંતા કરતા લોકો આ વિષે બોલતા નથી .

જો સમાજ અને સરકાર પોતાના વિદ્યાર્થીઓનું શૈક્ષણિક સ્તર સુધારવા માંગતા હોય તો બેત્રણ વર્ષ રાજ્યકક્ષાએ કેન્દ્રિત ધોરણે યુનીવર્સિટીની પરીક્ષાઓમાં શુદ્ધિકરણ કરવું જોઈએ. આ અઘરું નથી. હવે યુનિવર્સિટી સ્કવોડ માત્ર નામની રહી છે. સેલ્ફ ફાઈનાન્સ કોલેજોના અધ્યાપકોને કોલેજો ઉપર મોકલી દેવામાં આવે છે અને તેમને દૂરસુદૂરના વિસ્તારોમાં એકલા હાથે જ આ સામુહિક ચોરી પકડવાની હોય છે. આ શક્ય નથી. સરકાર કક્ષાએ એક ફ્લાઈંગ સ્કોવડની રચના થાય અને તેમાં યુનીવર્સિટીમાં તે અણધાર્યા પરીક્ષાની મુલાકત લે તો ખબર પડે કે સડો કઈ હદે વ્યાપક બન્યો છે. રાજ્યમાં ઝોનવાઈઝ આવી તપાસ થવી જોઈએ જેમાં શિક્ષણ અને બહારના એમ બન્ને પ્રકારના આગેવાનો અધિકારીઓ હોય. બીજું સરકારે એક સ્પષ્ટ માર્ગદર્શિકા બહાર પાડવી જોઈએ કે કોઈ પણ યુનિવર્સિટીમાં પરીક્ષાનું સંચાલન કઈ રીતે થાય. અને પોલીસ સ્ટેશનોને પણ સૂચના આપવી કે પરીક્ષા સમયે કોલેજોને કઈ રીતે મદદ કરવી. ગત પરીક્ષાના દિવસોમાં એક જાગૃત જીલ્લા કલેકટરે પત્ર બહાર પાડ્યો હતો કે પરીક્ષાના દિવસોમાં કોલેજ નજીક ઝેરોક્ષ દુકાન ચાલુ રાખી શકાશે નહીં. સરકાર આ રાજ્ય સ્તરે કરી શકે. દરેક કોલેજમાં પ્રવેશતા વિદ્યાર્થીનું પૂર્ણ ચેકિંગ થાય પછી જ તે પરીક્ષા ખંડમાં દાખલ થાય તો મોટો પ્રશ્ન ઉકલી જાય.

પહેલા યુનિવર્સિટી ઓછી હતી કોલેજો ઓછી હતી. શહેરોમાં એક કોલેજના વિદ્યાર્થીનો નંબર બીજી કોલેજમાં જતો એટલે વિદ્યાર્થી અજાણી જગ્યાએ મોટા પાયે કોપી કરતા ખચકાતો. હવે ગામડામાં રિમોટ વિસ્તારમાં કોલેજો ખુલી ગઈ છે. સંચાલકો જ કોપી કરાવવા ઉત્સાહી હોય છે. અધ્યાપકો ઉછીની ઝંઝટમાં પાડવા માંગતા નથી. આ સંજોગોમાં આદર્શ વિચારો દ્વારા પરીક્ષા સુદ્ધિ શક્ય નથી. સમાજ અને સત્તા બન્ને એ ભેગા થઈ ને આ વિચારવું રહ્યું.

થોડા સમય પહેલા એક સજ્જન પોતાના દીકરાને પરીક્ષા આપવા જતી વખતે શુભેચ્છા આપતા બોલ્યા કે “બેટા માર્ક બે પાંચ ઓછા આવે તો વાંધો નથી પણ જે આવે તે આપણા પોતાના આવે” હવે આવી વાતો વેવલાવેડાં ગણાય છે. પરીક્ષા આપવા જતા પોતાનાં દિકરાને ચોરી ન કરતો એવું કેટલા માબાપ કહેતા હશે? અથવા પરીક્ષા આપીને પાછા આવેલા દીકરાને તે આજે કેવી પરીક્ષા આપી તે કોણ પૂછતું હશે? જ્ઞાનની જીજ્ઞાશા માણસમાં પોતાનામાં હોય છે એ તાલાવેલી આપણા યુવાનોમાં નથી.

આપણે જો ગંભિરતા પૂર્વક આપણી યુનિવર્સિટીની પરીક્ષાઓ યોજીએ તો આઈ.એલ.ટી.એસ કે ટોફેલની જેમ તેમાં પણ વિદ્યાર્થીઓ ગંભીરતા પૂર્વક ભાગ લે. શિક્ષણની ગુણવત્તાનો આધાર તેના મુલ્યાંકન અને પરીક્ષણ પર છે. જો તે સુધરે તો જ ગુણવત્તા સુધરે.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ઈસવીસનને શુકન અપશુકન નડતાં નથી..!

મંગલ મસ્તી
રમેશભાઈ ચાંપાનેરી 'રસમંજન'

ઋતુ બદલાય, સ્વભાવ બદલાય, ધર્મ બદલાય, પાટલી બદલાય, ઘર બદલાય, સંબંધ બદલાય ને વાઈફ સુદ્ધાં બદલાય એમ સાલ પણ બદલાય મામૂ..! એનું જ નામ વર્તન અને પરિવર્તન..! પરિવર્તન પણ કુદરતનો એક સાંસ્કૃતિક કાર્યક્રમ છે..! એના ખોંખારા નહિ ખવાય..! ૨૦૨૫ ની સાલના હમણાં જ તો હાલરડાં ગાયેલાં ને કેવી રેઢાં મૂકીને ચાલી ગઈ. આવન અને જાવન તો કુદરતનો ખેલ છે..! એકાદ સાલ એવી પણ આવશે કે, આપણને પણ લેતી જવાની છે...! હવે એક ઔર ઈસવીસનનો ખાત્મો બોલાઈ ગયો. માણસનું મૃત્યુ થાય તો, ૧૨ મું તેરમું પણ થાય, સાલનું બારમું તેરમું નહિ થાય, પણ ૧૪ મું થાય અને પતંગના માધ્યમ દ્વારા આકાશ સાથે વાતાયન કરવાની વિધિ થાય. જેને આપણે મકરસંક્રાંતિ કહીએ છીએ. માણસનો વિલય થાય તો માણસ રડે, એમ સાલનો વિલય થયો તો, આ વરસે આકાશ પણ રડ્યું..! ( નવા વરસની ઉઘડતી તારીખે નવસારીમાં પડેલો વરસાદ એનો પુરાવો છે..!) વેદના તો થાય જ ને મામૂ..?

સાલ બદલાય એ નવી ઘટના નથી, અવિરત ચાલી આવતી પ્રક્રિયા છે. એને ૨૦૨૫ સુધી ખેંચી લાવવામાં અને સહન કરવામાં માનવજાતે પરસેવા પાડેલા. જેના હાથમાં જે સાલ આવી તે પ્રમાણે સૌ જીવી ગયાં. આપણા ફાળે ૨૦૨૫ ની સાલને ધક્કો મારવાની ચેષ્ટા આવી ને કાયમી વિદાય આપી. હવે ૨૦૨૬ નાં હાલરડાં ગાવાનાં. એના કપાળમાં કાંદા ફોડું, પ્રત્યેક સાલ પણ એવી નફફટ કે, એક જ સાલ ટકે..! ફરી કરવી જ પડે..! ઠરે જ નહિ. એમાં ૨૬ ની સાલ એટલે, 'ઘટમાં ઘોડા થનગને ને યૌવન વીંઝે પાંખ' ની માફક આ સાલ તો થનગનતી આવી. એના માટે કેટલાય પિધ્ધડે Thirty firstનો જેલવાસ ભોગવ્યો, ત્યારે માંડ ૨૬મું બેઠું..! ૨૬ નો આંકડો એટલે ફાટેલી યુવાની કહેવાય. ૨૬ ના આંકડાનો આકાર જુઓ તો, એકબીજાનું મોંઢું જોવા રાજી નહિ. એ કેવી ઉડાન ભરે અને કેવો કાંદો કાઢે એ તો વેઠીએ ત્યારે ખબર પડે. આપણે તો એટલી જ ટાઢક લેવાની કે, ૨૦૨૬ ની રીબીન કાપવાની તક આપણને મળી. ૨૬ ની વયમાં આગ હોય. એને પ્રગટાવો તો પ્રકાશ આપે ને બેફામ છોડો તો ભસ્મ પણ કરે, કહેવાય નહિ..! કારણ કે, ઉત્સાહ-ઊર્જા અને દોડ, તો યુવાનીનું ખમીર છે. એનો ઉપયોગ કરવો કે, ઉપભોગ કરવો એ એની જીવનારાની બુદ્ધિ ઉપર નિર્ભર છે. સાલ છે, છાલ કાઢી પણ નાંખે..! શુકન-અપશુકનનાં બંધાણ ઈસવીસનને હોતાં નથી. સાલ તો બદલાતી રહેવાની ને સાલનું પરિક્રમણ પણ ચાલતું રહેવાનું. માણસ જન્મે ત્યારે શ્વાસ હોય, નામ ના હોય અને ઉકલી ગયા તો નામ હોય, પણ શ્વાસ ના હોય, આ કુદરતની વ્યવસ્થા છે..! માણસને તો ચોઘડિયાં પણ નડે, સાલને ચોઘડિયાં નડતાં નથી. પ્રત્યેક સાલ માનવીને ઘરડાં બનાવીને ચાલતી પકડે એ એનો નિયમ છે. માટે સાલની આવનજાવનનાં બહુ જાણભેદુ બનવું નહિ, પ્રત્યેક ઉઘડતી સાલને હસતા મુખે કહેતા રહેવાનું, “આપ આયે તો બહાર આઈ..!” એ પણ પ્રસન્ન ને આપણે પણ પ્રસન્ન..! શું કહો છો ચમનિયા..?

મુદ્દાની વાત એ છે કે, નવી સાલનું પ્રાગટ્ય થાય એટલે, ઊગતા સૂરજને પૂજવાવાળાને જલસા પડી જાય. નેતાઓ ખેસ બદલે એમ, આ લોકો પણ ગુણગાન બદલે. એવી જાજમ બિછાવે કે, રેશમી મોજું ચઢાવીને પગનું ખરજવું પણ ઢાંકી દે..! શુભેચ્છાઓનાં ગોળીબાર કરવા માંડે. એવી-એવી શુભેચ્છાઓ લાવે કે, જેમાં સુંવાળા શબ્દોનો નકરો વ્યભિચાર હોય..! આપણને શંકા જાય કે, ભાઈએ ભગવાં ધારણ કરીને કોઈ સમર્થ ગુરુની દીક્ષા લઇ લીધી કે શું..? સાલ તો બીજવર જેવી,એને મુલાયમ પંખા ઝાઝા નહિ નંખાય. અમારા ચમનિયાએ તો સામેથી ના લખેલી કે, 'કોઈએ ૨૦૨૬ ની ચોપળી શુભેચ્છા મને મોકલવી નહિ. મારો મોબાઈલ પણ હવે ઓળખી ગયો છે કે, કોણ કેટલી ફિરાકમાં હોય છે. બીજું કે, ૨૦૨૫ માં મોકલેલી શુભેચ્છાઓ એમ ને એમ ફળ્યા વગરની પડી છે. કેટલાંકમાં તો જીવાત પણ પડી ગઈ..! આમ છતાં એટલી શુભેચ્છા આવી કે, મોબાઈલમાંથી બહાર ઉભરાવા લાગી. બોસ..! આ શુભેચ્છાનું કામકાજ લગનની હાજરી જેવું છે. લગનમાં કોણ આવેલું ને કેટલો ચાંદલો કરી ગયું, એ યાદ નહિ રહે, પણ કોણ નહિ આવેલું, એ ઘટના સાત પેઢી સુધી સચવાય..! કોની-કોની શુભેચ્છા નહિ આવી એ દાઢમાં રહી જાય..! બાકી પેટછૂટી વાત તો એવી કે, good morning લખવાથી સવાર સુધરતી નથી, એમ વર્ષ બદલાવાથી બાવડાંની તાકાત વધતી નથી. છતાં એમની શુભેચ્છાથી સતયુગ બેસવાનો હોય એવી શુભેચ્છા મોકલે..!

ઘરમાં હોય 'ખુશી'ની ધમાલ,
રાતોરાત બનો માલામાલ
શુકનવંતી બને નવી સાલ
દુશ્મનો પણ
કહે વાહ
કમાલ

( સલાહ આપવાનું છોડ, સુધરવાની શરૂઆત તારાથી કર..! 'ખુશી' મારી વાઈફનું નામ છે, એના ધમાલની ચિંતા તું નહિ કર, મારિચ..! જ્યારથી તારી અડફટે આવ્યો છું ત્યારથી, તારો જામીન થવાના કારણે કોર્ટમાં હજી આંટાફેરા મારું છું..!)

ઢાકાની મલમલ જેવી શુભેચ્છા મોકલવાથી સાલ નહિ સુધરે. મહેનત કરીને પરસેવાના રેલા પાડવા પડે યાર..! સામે મળે તો 'હેલ્લો' કરવામાં પણ ગંઢેલ ગળી ગયો હોય એવું મોંઢું કરે ને ઉજળા દેખાવા શુભેચ્છાના પેન-બૉંબ છોડે. એમના કોઈ ખાનદાનને ફાંસીની સજા જાણે આપણે જ અપાવી હોય, એમ અતડો-અતડો રહે. ધિક્કારભાવથી જુએ..!

પરિવર્તન એ કુદરતી વ્યવસ્થા છે. વહેતાં પાણીમાં નાવડું છોડ્યા પછી, પાણી ભલે બદલાયા કરે, નાવડુ ચાલવું જોઈએ, અટકવું ના જોઈએ. સાલ સાથે કેલેન્ડરનાં પાનિયાં જ બદલાય. બાકી બધું તો રાબેતા મુજબનું જ હોય..! સાલ બદલાવાથી વૃક્ષો ફળ આપવાનું બંધ કરતાં નથી. નદીઓ દરિયામાં ભળીને નામશેષ થતી નથી. નેતાઓની ચૂંટણી અટકતી નથી. દરિયો સૂકાતો નથી. ચંદ્ર અને સૂરજ હડતાળ ઉપર ઊતરતા નથી. પવનના ફૂંફાડા અટકતા નથી. મોંઘવારી માઝા મૂકવાનું છોડતી નથી ને સોનાના ભાવો ડાઉન થતા નથી. એમ માનવીની ઈચ્છા અને અપેક્ષાઓ ક્યારેય શાંત થતી નથી . આજના માનવી જેવો મૂડીવાદ માનવી ક્યારેય ન હતો. આજે એની પાસે આધારકાર્ડ છે, પાન કાર્ડ છે, આયુષ્યમાન કાર્ડ છે, રેશન કાર્ડ છે, ATMકાર્ડ છે..! એની શક્તિવર્ધક મૂડી છે. સાલ બદલવાથી કોઈ અસર થતી નથી. એક જ ઈસવીસનને બે-ચાર વર્ષનો ધામો નાંખી પડી રહે તો કેવું, એવું પણ અમુકને થાય. એ બહાને ઉંમર તો અટકી જાય..!

Thirty first ની પણ બોલબાલા છે દાદૂ.! બાપાની પુણ્ય તારીખ યાદ ના હોય, પણ Thirty first નાં આયોજન ફર્સ્ટમ ફર્સ્ટ થવા માંડે..! આ બધી બારના આંકડાની બોલબાલા છે મામૂ..! માણસના જીવનમાં ૧૨ ના આંકડાએ શું જમાવટ કરી છે..? ફૂટના ઈંચ ૧૨, ડઝનના નંગ ૧૨, ઘડિયાળના આંકડા ૧૨, દિવસના કલાક ૧૨, રાતના કલાક ૧૨, એક શિલિંગના પેન્સ ૧૨, શાળાનું ભણતર ૧૨, બપોરના ૧૨ અને મધ્ય રાત્રીએ પણ ૧૨, ભણતરને બારમું ને મૃત્યુ પછી પણ બારમું, , જ્યોતિર્લિંગ ૧૨, સંગીતના સ્વરો ૧૨, વર્ષના મહિના ૧૨, રાશિઓ ૧૨ અને ૨૦૨૫ નો છેલ્લો મહિનો કાઢ્યો એ ડિસેમ્બરનો મહિનો પણ ૧૨મો..! ધત્તતેરીકી...! બધું બારોબાર..!

**લાસ્ટ બોલ**

બહેન તમે કેમ આમ સાવ ગાય જેવા થઇ ગયાં? આજકાલ ભાઈનો સ્વભાવ પણ સાવ બદલાઇ ગયો. બસ,આખો દિવસ હાઊઉ..હાઊઉ જ કરતા હોય..! એનું શું કારણ..?

બહેન, શું વાત કરું? તમને તો ખબર છે કે, તમારા ભાઈની નોકરી શહેરમાં આવી તો એની સાથે હું પણ ગામડું છોડી શહેરમાં રહેવા આવી.

તો શું થયું..?

અમારા ગામડામાં એવો રિવાજ બેન કે, પહેલી રોટલી અમે ગાય માટે કાઢીએ અને છેલ્લી રોટલી કૂતરા માટે કાઢીએ. હવે શહેરમાં રોજે રોજ ક્યાં ગાય-કૂતરાં શોધવા જઈએ..? એટલે પહેલી રોટલી હું ખાઇ જાઉં ને છેલ્લી રોટલી તમારા ભાઇને ખવડાવી દઉં..! એમાં આવી બધી 'એલર્જી' ફૂટી નીકળી..!

તારા કપાળમાં કાંદા ફોડું..!.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## ગુન્હાઓ પાછળ શું આ પણ કારણ હોઈ શકે?

આપણાં ભારતદેશમાં શિક્ષણનું પ્રમાણ કે શિક્ષિત યુવાન - યુવતીનું પ્રમાણ સારુ એવું વિકસેલ છે. પરંતુ માબાપ પેટે વૈતરું કરી પોતાના બાળકોને ભણાવે, તેમાંથી કેટલાંક, ફીક્સ પગારપર કેટલાંક કોન્ટ્રેક્ટ બેઈઝ કે શિક્ષણમાં પણ પ્રવાસી શિક્ષક કે ફિક્સ પગાર પર નોકરીમાં ગોઠવાય જાય છે. પરંતુ છ માસ અથવા એકાદ - બે વર્ષે પછી નોકરીમાંથી છૂટા કરવામાં આવે છે. કેટલાંક યુવક - યુવતીઓએ બે રોજગારી બેકારીમાં કેમ હવે પછી જીવવું એવો મહાકાય પ્રશ્ન છતાવે છે. મોંઘવારી તો દિન પ્રતિદિન વધ્યે જ જાય છે. ત્યારે આવા યુવાનો કે યુવત ઘાડ, લૂટં, એરી તરફ વળે છે. અથવા તો આત્મહત્યા કરવા પ્રેરાય છે. હાય બેકારી! હાય બેરોજગારી! કેટલાંયે યુવાનો - યુવતીઓ અન્ય રાજ્ય કે શહેરોમાં ગોઠવાય છે. એવા સમયે નોકરી સમાપ્ત થાય નોકરીમાંથી છૂટા કરાય ત્યારે ઘરભાડુ કેમ ચુકવવું ? સાંજે શું ખાઈસું ? જેવા પ્રશ્નો માણસોને અનિતિનાં માર્ગે ધકેલી દે છે. એકલતા અને બેરોજગારી લાંબા સમયે ગુન્હેગારનું સ્વરૂપ ધારણ કરે છે. આ દેશની પરિસ્થિતિ વધુ ન કથળે એટલે હું સલાહ તો ન અભી શકું પરંતુ લોકશાહી દેશમાં બોલવાનો અધિકાર તરીકે. એક નાના ચર્ચાપત્રી તરીકે એટલું જ કહીશ કે અમેરિકા, જાપાન, વિદેશોની જેમ સારુ વેતન આપો ધારાસભ્યો - સાંસદો પણ તકેદારી રાખે કે મારા વિસ્તારમાં બેરોજગાર કે બેકાર તો નથી ને ! અને તો જ આપણી મહેનતનું ફળ પામીશું.

**એન. ગરાસીયા - નવસારી**

## પોષતું તે મારતું

માનવ જીવન હવા, પાણી અને ખોરાક દ્વારા શરીરને પોષણ મળે તે જ ટકી શકે ખોરાક પ્રવાહી કે ઘન સ્વરૂપનો હોઈ શકે. અધૂરા ખોરાકથી કુપોષણ થાય,ખોરાક વિના ભૂખમરાથી મરી જવાય. હાનિકારક પદાર્થો વાળો ખોરાક જીવનભરખી જઈ શકે છે. ઓછું કે વધુ પ્રમાણમાં ખોરાક લેવાથી પણ નુકસાન થાય છે, શરીરને સમતોલ રાખવા ઉપવાસ ઉપાય બને છે. ક્યારેક જ બને તેવો બનાવ હાલમાં બન્યો છે. “ પોષતું તે મારતું “ એ ક્રમ દિસે કુદરતી, એવું સત્ય કહેવાયું છે, તે મુજબ સુરત-સચિનના એક શ્રમજીવીને જમતાં જમતાં મોત મળી ગયું. ખોરાક જ તેને ભરખી ગયો. બાબુભાઈ સંચા-મશીનમાં મજૂરી કામ કરી પેટીયું રળતો હતો અને તેના દ્વારા પરિવારના સભ્યોનું ભરણપોષણ થતું હતું. ભૂખની તીવ્રતાને કારણે બાબુભાઈ ઝડપે ખોરાક આરોગી રહ્યા હતા ત્યારે જેમ અચાનક માર્ગ અકસ્માત થાય છે તેમ તેમના ગળાના માર્ગે ભોજન અકસ્માત થયો, ગળામાં ખાવાનું ફસાઈ ગયું શ્વાસ રૂંધાવા લાગ્યો ફસાઈ ગયેલા કોળીયા એ જીવલેણ હુમલો કર્યો. તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા, ત્યારે ફરજ પરના ડોક્ટરે દર્દીને મૃત જાહેર કર્યો. આ રીતે ફરી સિધ્ધ થયું કે ''પોષતું તે મારતું'' જાણે બાબુભાઈનાં દાણા પાણી ખૂટી ગયાં.

**ઝાંપાબજાર, સુરત - યુસુફ એમ ગુજરાતી**

## યોગી- ભોગી- રોગી

'યોગી બનો, જ્ઞાની બનો'. સારા યોગી પુરુષનો આ જીવન મંત્ર છે. એના જીવનનો નિત્યક્રમ વહેલી સવારે એ ઉઠી જાય છે. પછી એ એકાંતમાં એકાગ્ર મનથી પરમાત્માને દિલથી યાદ કરે છે. સવારની રોજનીશી પતી ગયા બાદ એ યોગી હોવા સાથે કર્મયોગી બનીને કર્મક્ષેત્રમાં જાય છે. એ કોઈપણ પ્રકારના વિકાર અને વ્યસનથી દૂર રહે છે. સાદુ ભોજન જમે છે. ચુસ્ત અને તંદુરસ્ત રહે છે. પરિવારની ફરજ અને જવાબદારી બરોબર અદા કરે છે. રાત્રે વહેલો સૂઈ જાય છે અને સવારે વહેલો ઉઠી જાય છે. માનવસેવા કરીને જીવનને ધન્ય બનાવે છે. 'ખાવો પીવો અને જીવો'. ભોગી પુરુષનો આ જીવન મંત્ર છે એની રોજનીશી અસ્તવ્યસ્ત હોય છે. પરિવાર પ્રત્યે એની ઉદાસીનતાથી એ ખુદ હેરાન થાય છે અને પરિવાર પણ પરેશાન થાય છે. એવો બોધપાઠ શીખવા મળે છે. માણસે વ્યસનથી મુક્ત રહેવું. પરિવારને અર્ધી મંઝીલે છોડી જવાથી પરિવાર નોંધારો બની જાય છે.

**ગોપીપુરા સુરત - જગદીશ પાનવાલા**

## લોકશાહી અને જાગૃત નાગરિક

કહેવત છે કે સૂતેલા સિંહના મોઢામાં હરણ આવતાં નથી. આ જ પ્રકારે રાષ્ટ્રમાં ભલે લોકશાહી હોય પરંતુ એનો નાગરિક જો નિષ્ક્રિય હશે તો રાષ્ટ્રમાં નાગરિકને સુવિધા / સુખચેન કે પછી સંસ્કાર જેવાનો અભાવ રહેવાનો જ છે. રાજકારણ કે રાજકીય પક્ષો વિશે 'ચર્ચાપત્ર' લખવાનો વિચાર આવેલો. પરંતુ ધ્યાનમાં આવ્યું કે 'કૂવામાં હોય તે હવાડામાં આવે.' આ વિશે એક મિત્રનુ ડબલડેકરના મધુર સ્મરણ કરતું ચર્ચાપત્ર યાદ આવી ગયું. વર્તમાનમાં આવીએ તો સિટી બસ એ મધ્યમ વર્ગની પ્રથમ આવશ્યકતા છે. લોકોને જાગૃત બનાવવા એક તક મેળવી 'ચર્ચાપત્ર' તો દરેક સૂરતીએ લખવું જોઈએ. માત્ર યાતાયાત જ નહીં પરંતુ શિક્ષણ, આરોગ્ય કે રમતગમત જેવાં અન્ય ઘણાં ક્ષેત્ર છે જે અહીં આવરી લેવાં જોઈએ, જો કે ચર્ચાપત્ર તો વિદેશમાં વસતા જાગૃત નાગરિક પણ લખે જ છે. છેલ્લે એક કહેવત સુધારીને લખીશ. વર્તમાનમાં 'યથા રાજા તથા પ્રજા'નો યુગ નથી. હવે તો યથા પ્રજા તથા રાજા કેમ કે રાજા એક જાગૃત નાગરિક ચૂંટવાનો છે.

**પાલણપોર, સુરત - ચેતન સુશીલ જોષી**

## હિન્દુરાષ્ટ્ર કરતા પણ વધુ જરૂર છે સર્વધર્મ સમભાવની

હિન્દુ ધર્મના કહેવાતા ઠેકેદારોએ પચ્ચીસમી ડિસેમ્બરે આપણા દેશના ચર્ચોમાં ભેગા થયેલ ખ્રિસ્તી સમુદાયના લોકોને ટારગેટ કરી તોડફોડ કરવાની ઘટના અને ચર્ચ આગળ જ હનુમાન ચાલીસા ગાવાની ઘટના બની. એ કોઇ આકસ્મિક બનાવ ન હોઇ શકે પરંતુ ચોક્કસ સંગઠનો અને ટોચની નેતાગીરીના ટેકા સાથે હેતુપૂર્વક આચરવામાં આવેલ બનાવ જ હોઇ શકે. આપણા દેશનો સત્તાધારી પક્ષ પણ આ બાબતે મૌન સાધી બેઠો છે પરંતુ દુનિયા આખીમાં એના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. અમેરિકાનું પ્રતિષ્ઠીત અખબાર ન્યુયોર્ક ટાઈમ્સએ છાપાના પ્રથમ પાના પર આપણા દેશના પ્રધાનમંત્રીના ફોટા સાથે પ્રગટ થયેલ લાંબા લેખમાં ભારતમાં ચાલતી ગતિવિધીઓ અંગે વિગતો છાપી છે એની ઘેરી અસર અન્ય દેશોમાં પણ પડવાની પૂરેપૂરી શક્યતા છે. ભારતમાં ખ્રિસ્તીઓ કુલ વસ્તીના લગભગ ત્રણથી ચાર ટકા જેટલા જ છે પરંતુ આખી દુનિયામાં સૌથી વધુ વસ્તી ખ્રિસ્તીઓની છે. ભારતમાં નાતાલને દિવસે ખ્રીસ્તીઓ સાથે જે બન્યુ એનો ભોગ વિદેશમાં વસતા ભારતીયો પર પડવાની શક્યતાને નકારી ન શકાય. ભારતમાં હિન્દુ કટ્ટરવાદીઓ દ્વારા આચરાયેલ કૃત્યને કારણે યુરોપ અને અમેરિકામાં પણ ભારતીયો વિરૂધ્ધ ચળવળ શરૂ થવાની શક્યતાને નકારી ન શકાય. પશ્ચિમી દેશોના વેપાર પર પણ આની અસર પડવાની શક્યતાને અને ભવિષ્યમાં એન.આર.આઇઓની સંખ્યામાં ઘટાડો થવા માંડે તો એમની મારફત આંતરરાષ્ટ્રીય વેપારની લેવડ-દેવડમાં સહાયક બનતું વિદેશી ચલણ દેશમાં આવે છે એમાં ઘટાડો થવાની પણ નકારી ન શકાય એથી આવી નકારાત્મક પ્રવૃત્તિ પર રોક લાગે એ સમગ્ર દેશ અને સૌ દેશવાસીઓના લાંબાગાળાના હિતમાં જરૂરી જ નહીં પરંતુ આવશ્યક છે.

**પાલ, સુરત - હિતેન્દ્ર ભટ્ટ**